**૧૭. કિસાન શિબિર :**

અનુસૂચિત જાતિના લાભાર્થીઓની શિબિરો યોજી શિબિરમાં તેઓને આ બાબતની તાંત્રિક માહિતી પુરી પાડવામાં આવશે. તથા શિબિર દ્વારા યોજનાનો પ્રચાર કરી જેમ બને તેમ સરકારશ્રીની લાભપ્રદ યોજનાનો ખ્યાલ આપવામાં આવશે. શિબિરો યોજી યોજનાઓની તમામ વિગતો તથા યોજનાઓથી થતાં લાભો બાબતે શિબિરાર્થીઓને સુમાહિતગાર કરવામાં આવશે.

**૧૮. કિસાન નર્સરી :**

આ યોજના હેઠળ જે કુટુબોને નર્સરી ઉછેર અંગેની સગવડતા ઉપલબ્ધ હોય તેવા કુટુંબોને ૧૦,૦૦૦ થી ૨૫,૦૦૦ રોપા સુધીની કિસાન નર્સરી ઉછેરનો લાભ આપવામાં આવે છે. એક રોપ ઉછેરના રૂા.૧.૪૭ લેખે ત્રણ હપ્તામાં કિસાન નર્સરીના લાભાર્થીને વન વિભાગ દ્વારા રકમ ચૂકવવામાં આવે છે અને ઉછેરેલ આ રોપાઓ કિસાન લોકોને પણ વેચાણ આપી શકે છે. આમ લાભાર્થીને પૂરક રોજી/આવક મળી રહે છે તેમજ ગામ લોકોને નજીકમાંથી જ રોપાઓ મળી રહે છે.

**૧૯. સ્વસહાય જૂથ મારફતે રોપ ઉછેર :**

આ યોજના હેઠળ અનુસૂચિત જાતિના લાભાર્થીઓ ધ્વારા મહિલાઓ/ખેડૂતો દ્વારા ગૃપમાં ૧ લાખથી ૨ લાખ રોપા સુધીની નર્સરી તૈયાર કરવામાં આવશે. જેમાં વન વિભાગ લાભાર્થી ગૃપને તાંત્રિક માર્ગદર્શન આપશે. નર્સરીમાં ૧૫×૨૫×૨૦૦ ની મોટી પોલીથીન બેગમાં રોપા ઉછેરવામાં આવશે. જેની મજૂરી જે તે ગૃપને વન વિભાગ ચુકવશે. આ ઉછરેલ રોપાનું વિતરણ વન વિભાગ કરશે.

**૨૦. ખાતા દ્વારા રોપ ઉછેર :**

વિવિધ જાતિના રોપાઓ જે ૧૫×૨૫ અને તેથી મોટી પોલીથીન બેગમાં વન મહોત્સવ હેઠળ ફકત અનુસૂચિત જાતિના મજુરો દ્વારા વન વિભાગની નર્સરીમાં ઉછેર કરશે. આ રોપાઓનું ખાતા દ્વારા વિતરણ કરવામાં આવશે.

**૨૧. બીજ વિતરણ :**

આ યોજના હેઠળ અનુસૂચિત જાતિના લોકોને વૃક્ષ ઉછેર અર્થે બીજનું વિતરણ કરવામાં આવશે.

**૨૨. ક્લોનલ રોપાનું વિતરણ :**

આ યોજના હેઠળ અનુસૂચિત જાતિના લોકોને ક્લોનલ રોપાનું વિતરણ કરવામાં આવે છે. જેથી સારી જાતના ઝડપથી ઉગતા અને વધુ ઉત્પાદન આપતા રોપા ઉગાડી લાભાર્થી કિસાન સારી આવક મેળવી શકશે.

જે પણ અનુસૂચિત જાતિના વ્યકિત ઉપરોકત યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ તાલુકા કક્ષાના અધિકારીને અરજી કરવાની રહેશે.

**૨૩. ઈવેલ્યુએટર એન્ડ મોટીવેટર :**

અનુસૂચિત જાતિના અભ્યાસુ યુવકોને પુરક રોજી મળી રહે અને લોકોમાં વૃક્ષ ઉછેર અને પર્યાવરણ બાબતે જન જાગૃતિ અર્થે કામગીરી સોંપવામાં આવશે.

**પ્રકાશન અને સંપર્ક વિભાગ,**
**"વન સંશોધન સંકુલ", 'જ' રોડ, સેકટર-૨૦,**
**ગાંધીનગર.**
**ફોન નં. (૦૭૯) ૨૩૨૫૯૯૧૫,**
**ફેકસ નં. (૦૭૯)૨૩૨૫૬૬૦૩**
**વન વિભાગ, ગુજરાત રાજ્ય**

# અનુસૂચિત જાતિ પેટા યોજના

## (ખાસ અંગભૂત યોજના)

ગુજરાત રાજયમાં અનુસૂચિત જાતિની વસ્તી વર્ષ ૨૦૦૧ ની ગણત્રી પ્રમાણે ૭.૦૯ % છે. અનુસૂચિત જાતિના લોકોનું જીવનધોરણ ઊંચું આવે, અન્ય જાતિના લોકોની સરખામણી કરી શકે તેમજ તેઓનો આર્થિક વિકાસની સાથે સર્વાંગી વિકાસ થાય તે માટે સરકાર કટિબધ્ધ છે. આ માટે ખાસ અંગભૂત યોજના અંતર્ગત વન વિભાગ મારફતે અનુસૂચિત જાતિનાં લોકોને લાભ મળે તે માટે નીચે મુજબની જુદી જુદી યોજનાઓ અમલમાં છે.

**૧. કસ વિહોણી ખેત જમીનમાં વૃક્ષ વાવેતરની યોજના (આર.ડી.એફ.એલ.) :**

આ મોડલ હેઠળ લાભાર્થીઓના ખેતરમાં કે ખેતરના શેઢાપાળા ઉપર મહત્તમ એક હેકટરની મર્યાદામાં રહીને વન વિભાગ દ્વારા વનીકરણની કામગીરી જેવી કે, ખાડા ખોદવાની કામગીરી, રોપા વાવેતર તથા માવજત માટે ગોડકામની કામગીરી કરી આપવામાં આવે છે. વાવેતરની જાળવણી તેમજ રક્ષણની જવાબદારી જે તે લાભાર્થીએ જાતે કરવાની છે. આ મોડેલ હેઠળ પ્રતિ હેકટરે ૧૦૦૦ રોપાઓ વાવેતર કરવામાં આવે છે. જે લાભાર્થીના ખેતરમાં રોપવામાં આવેલ રોપા પૈકી ૫૦% થી વધુ જીવંત રોપા હોય તેવા લાભાર્થીને ત્રણ વર્ષ સુધી વળતર ચુકવવામાં આવે છે.

**૨. પર્યાવરણ વાવેતર (Environment Plantation E-Model):**

આ મોડલમાં અનુસૂચિત જાતિની વસ્તી ધરાવતા ગામોમાં સરકારી તથા પંચાયત કચેરીઓના પટાંગણમાં, શાળાના પટાંગણમાં, ધાર્મિક સ્થળોએ, તળાવકાંઠે વિગેરે જાહેર અનુકુળ સ્થળોએ વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે. જેમાં ૫ × ૫ મીટરના અંતરે સારી જાતના ૧ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતાં પ્રતિ હેક્ટરે ૪૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવે છે. વાવેતર વિસ્તારને ખાઈ અને જીવંત વાડથી રક્ષણ આપવામાં આવે છે.

**૩. પિયત ગ્રામવન વાવેતર :**

રાજયમાં જે ગામોમાં અનુસૂચિત જાતિની ૨૫૦ કે તેથી વધુ વસ્તી હોય તેવાં ગામોની ગૌચર જમીનમાં પિયત ગ્રામવન તૈયાર કરવામાં આવે છે. જેમાં અનુસુચિત જાતિના સભ્યોને રોજી મળે છે તથા આ પિયત ગ્રામવનમાંથી ઘાસચારો, બળતણ તેમજ ગૌણ વનપેદાશ મળે છે.

**૫. ધીમી ગતિથી ઉગતા વૃક્ષોનું વાવેતર :**

વર્ષ ૨૦૧૩–૧૪થી ધીમી ગતિથી ઉગતા વૃક્ષોનું વાવેતર અનુસૂચિત જાતિના લોકોની જમીનમાં કરવાનું મોડલ તૈયાર કરવામાં આવેલ છે. ધીમી ગતિથી ઉગતા વૃક્ષો જેવા કે, આંબા, રાયણ, ખાટી આંબલી જેવા વૃક્ષોનું વાવેતર લોકોની જમીનમાં કરી આપવામાં આવે છે. આમાં લોકો દ્વારા દસ વૃક્ષોએ એક યુનિટ મુજબ વાવેતર કરવામાં આવે છે.

**૬. વન કુટીર :**

જે ગામોમાં અનુસૂચિત જાતિની વસ્તી ૨૫૦ કે તેથી વધુ હોય તેવા ગામોમાં ગામદીઠ એક વન કુટીર બનાવવામાં આવશે. આવી વન કુટીરનું આયોજન કરી લોકોમાં વન અંગે જાગૃતિ લાવવામાં આવશે.

**૭. સુધારેલ સ્મશાન સગડી :**

જે ગામોમાં અનુસૂચિત જાતિની વસ્તી ૨૫૦ કે તેથી વધારે હોય તેવા ગામોમાં ગામદીઠ એક સુધારેલ સ્મશાન સગડી પૂરી પાડવામાં આવે છે. જેનાથી જલાઉ લાકડાનો બચાવ થશે. જેની જાળવણી અને દેખરેખની જવાબદારી જે તે પંચાયતે નિભાવવાની હોય છે.

**૮. સોલાર કુકર :**

ગુજરાત રાજયના નાના મોટા દરેક ગામોમાં અનુસૂચિત જાતિના લોકોને કુટુંબદીઠ એક સોલાર કુકર સરકારશ્રીની યોજના દ્વારા પૂરું પાડવામાં આવે છે. સોલાર કુકરમાં જમવાનું બનાવવાથી સુર્યની કુદરતી ઉર્જાનો લાભ ઉઠાવી શકાશે અને આ રીતે જલાઉ લાકડાનો બચાવ થાય છે તથા આડકતરી રીતે જંગલ સંરક્ષણની પ્રવૃત્તિ વેગવાન બનશે.

**૯. સોલાર ફાનસ :**

ગુજરાત રાજયના નાના મોટા દરેક ગામોમાં અનુસૂચિત જાતિના લોકોને કુટુંબદીઠ એક સોલાર ફાનસ સરકારશ્રી દ્વારા પૂરું પાડવાની યોજના છે. સોલાર ફાનસ આપવાથી કુદરતી ઉર્જાનો લાભ ઉઠાવી શકાશે તથા જે ગામોમાં વીજળી પુરતી ઉપલબ્ધ નથી થતી, તેવા ગામોમાં ગરીબ કુટુંબોને લાભ થાય છે અને આડકતરી રીતે જંગલ સંરક્ષણની પ્રવૃત્તિ વેગવાન બનશે.

**૧૦. મ્યુઝીકલ ઈન્સ્ટ્રુમેન્ટ :**

ગુજરાત રાજયના નાના મોટા દરેક ગામોમાં અનુસૂચિત જાતિના લોકોની વસ્તી ધરાવતાં ગામદીઠ એક સેટ મ્યુઝીકલ ઈન્સ્ટ્રુમેન્ટ પુરા પાડવામાં આવે છે.

**૧૧. ફળાઉ કલમ વિતરણ :**

અનુસૂચિત જાતિના લાભાર્થીઓને તેમની માંગણી મુજબ કુટુંબદીઠ બે ફળાઉ કલમ રોપી આપવામાં આવે છે.

**૧૨. મેડીકલ કેમ્પ્સ :**

ગુજરાત રાજયના નાના મોટા દરેક ગામોમાં અનુસૂચિત જાતિના લોકોની વસ્તી ધરાવતા ગામમાં મેડીકલ કેમ્પ્સનું આયોજન કરવામાં આવે છે.

**૧૩. કોમ્યુનીટી કૂકીંગ ઈકવીપમેન્ટ :**

ગુજરાત રાજયના નાના મોટા દરેક ગામોમાં અનુસૂચિત જાતિના લોકોની વસ્તી ધરાવતાં ગામદીઠ એક સેટ કોમ્યુનીટી કૂકીંગ ઈકવીપમેન્ટ પુરા પાડવામાં આવે છે.

**૧૪. પુરસ્કાર :**

કસ વિનાની ખેતીની જમીનની સુધારણા યોજનામાં જુના વાવેતરો પૈકી જે લાભાર્થીઓની જાળવણી શ્રેષ્ઠ હશે તેવા લાભાર્થીઓને પુરસ્કાર રૂપે પ્રથમ શ્રેષ્ઠને રૂા.૩૦૦૦/–, દ્વિતિયને રૂા.૨૦૦૦/– નો રોકડ પુરસ્કાર પ્રશસ્તિ પત્ર સાથે આપવામાં આવે છે. આવા ૪૬ પુરસ્કાર દરેક વિભાગોમાં ફાળવવામાં આવશે.

**૧૫. નિર્ધુમ ચુલા :**

અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કુટુંબદીઠ એક નિર્ધુમ ચુલો આપવામાં આવે છે. આવા ચુલાથી તેમનુ સ્વાસ્થ્ય સારૂ રહે, આંખોનું રક્ષણ થાય તથા લાકડાના બળતણમાં બચત થાય.

**૧૬. બાયોગેસ :**

અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કુટુંબદીઠ એક બાયોગેસ યુનિટ આપવામાં આવે છે.